નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/૮૩
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા.૯-૦૪-૨૦૧૭.

## // પરિપત્ર //

વિષય :- નિગમ ધ્વારા જુદી જુદી યોજના અન્વયે ફાળવેલ ઔદ્યોગિક પ્લોટ / શેડ / રહેણાંક પ્લોટ / આવાસો / વાણિજય પ્લોટ / મિલ્કતો વિગેરેના વ્યાજના દરમાં સુધારણા બાબત..

સંદર્ભ :- (૧) પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/એકા/૩૧/૪૨૪/૯૪,તા.૦૪-૦૪-૯૪
(૨) પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/હિસાબ/૩૧/૫૬૭/૯૫, તા.૨૧-૪-૯૫.
(૩) પરિપત્ર ક્રમાંકઃ ઓએન્ડએમ/સીઆઈઆર/એકા/૯, તા.૨૨-૧-૨૦૦૧
(૪) પરિપત્ર ક્રમાંકઃજીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/હિસાબ/૨૨ તા.૨૭-૬-૨૦૦૨.
(૫) નિગમની ૪૩૨મી સભાનો ઠરાવ ક્રમાંક : ૫/હિસાબ /૪૩૨ તા.૧૭-૦૨-૦૭
(૬) નિગમની ૪૪૨ મી સભાનો ઠરાવ ક્રમાંકઃ૫/હિસાબ/નાણા/૪૪૨ તા.૦૨-૦૫-૨૦૦૯
(૭) પરિપત્ર ક્રમાંકઃજીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/૨૬ તા.૨૬-૫-૨૦૦૯.
(૮) પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/હિસાબ/ ૧૪ તા.૩૦-૩-૧૦.
(૯) નિગમની ૪૫૪ મી સભાનો ઠરાવ ક્રમાંકઃ ૧૭/હિસાબ/નાણાં/૪૫૪/૨૦૧૧
(૧૦) પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/૧૬ તા.૨૩-૦૩-૨૦૧૧
(૧૧) નિગમની ૪૬૩ મી સભાનો ઠરાવ ક્રમાંક : ૧૯/હિસાબ/નાણાં/૪૬૩/૨૦૧૨
(૧૨) પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/૦૮ તા.૦૭-૦૪-૨૦૧૨
(૧૩) પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/૪૦ તા.૩-૧૦-૨૦૧૨
(૧૪) નિગમની ૪૭૨મી સભાનો ઠરાવ ક્રમાંકઃ૫૧/હિસાબ/નાણાં/૪૭૨/૨૦૧૩ તા.૧૦-૪-૧૩
(૧૫) પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/૧૧ તા.૦૪-૦૫-૨૦૧૩
(૧૬) નિગમની ૪૭૬ મી સભાનો ઠરાવ ક્રમાંક : ૪/હિસાબ/નાણાં/૪૭૬/૨૦૧૪ તા.૨૦-૬-૨૦૧૪
(૧૭) પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/૧૪ તા.૧૯-૭-૨૦૧૪
(૧૮) નિગમની ૪૭૮ મી સભાનો ઠરાવ ક્રમાંકઃ ૫૯/હિસાબ/નાણાં/૪૭૮ /૨૦૧૫
(૧૯) પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/ ૦૧, તા.૨૮-૦૪-૨૦૧૫
(૨૦) નિગમની ૪૮૭ મી સભાનો ઠરાવ ક્રમાંક :૩૦/બોર્ડ/૪૮૭/૨૦૧૬ તા.૨૯-૨-૨૦૧૬
(૨૧) પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/૩૦ તા.૩૧-૦૩-૨૦૧૬
(૨૨) નિગમની ૪૯૫ મી સભાનો ઠરાવ ક્રમાંક :૩૨/હિસાબ/નાણાં/૪૯૫/૨૦૧૭ તા.૦૧-૦૪-૨૦૧૭

નિગમના ઉપરોક્ત પરિપત્રોના સંદર્ભે જુદી જુદી વસાહતોના વ્યાજના દરોમાં વખતો વખત ફેરફાર કરવામાં આવેલ છે. સંદર્ભઃ૨૧ ના પરિપત્રથી આ દર વાર્ષિક ૧૩% મુજબ તા.૦૧-૦૪-૨૦૧૬ થી અમલમાં છે.

નાણાંકીય વર્ષઃ૨૦૧૭-૧૮ના વ્યાજના દરની સમીક્ષા કરવા નિગમની તા.૦૧-૦૪-૨૦૧૭ ના રોજ મળેલ ૪૯૫ મી સભામાં સાદર કરવામાં આવેલ કાર્યસૂચિ ક્રમાંક :૦૫ / હિસાબ / નાણાં / ૪૯૫ ઉપર ચર્ચા વિચારણાને અંતે ઠરાવવામાં આવ્યા મુજબ નિગમ ધ્વારા નાણાંકીય વર્ષ : ૨૦૧૭-૧૮ દરમ્યાન ફાળવણી કરવામાં આવનાર તમામ મિલ્કતો જેવી કે, ઔદ્યોગિક પ્લોટ, ઔદ્યોગિક શેડ, રહેણાંક પ્લોટ / રહેણાંક ક્વાર્ટર, વાણિજય પ્લોટ, વાણિજય બાંધકામ તથા અન્ય સુવિધાઓ માટેના મકાનો વિગેરેની ફાળવણી કિંમત ઉપરની બાકી રકમો માટે, વસુલવામાં આવતો વ્યાજનો દર નીચે મુજબ નક્કી કરવામાં આવ્યો.

(૧) રાષ્ટ્રીયકૃત તેમજ ખાનગી બેંકો ધ્વારા નિયત કરવામાં આવતા ધીરાણના દરો, નિગમ ધ્વારા અગાઉ નિયત કરેલ દરો તથા ગુજરાત રાજ્ય ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ એસોસીએશન ધ્વારા કરવામાં આવેલ રજુઆત વગેરે બાબતો વિચારણામાં લઈને નાણાંકીય વર્ષ : ૨૦૧૭–૧૮ નો નિગમનો વ્યાજ દર **૧૨.૫૦%** નિર્ધારીત કરવાનું આથી ઠરાવવામાં આવે છે. જેનો અમલ તા.૦૧–૦૪–૨૦૧૭ થી કરવાનો રહેશે.

(૨) વધુમાં, નિગમની તા.૨૯–૦૯–૨૦૧૨ ના રોજ મળેલ ૪૬૮ મી સામાન્ય સભાના ઠરાવ ક્રમાંક : ૧૪૩ / હિસાબ / ૪૬૮ / ૨૦૧૨ થી તેમજ પરિપત્ર નં. જીઆઈડીસી / ઓએન્ડએમ / સીઆઈઆર / પોલીસી / ૪૦ તા.૦૩–૧૦–૨૦૧૨ થી નિયત કરેલ કાર્યપધ્ધતિ / નીતિ મુજબ તા.૦૧–૦૪–૨૦૧૭ અને ત્યારપછી ફાળવવામાં આવેલ / આવનાર મિલ્કતોમાં ફાળવણીદારો ધ્વારા ડાઉન પેમેન્ટ પેટેની રકમ ભરપાઈ કર્યા બાદ બાકી રહેતી મુડી ઉપર ફાળવણીની તારીખે જી.આઈ.ડી.સી.ધ્વારા નિયત કરાયેલ વ્યાજનો જે દર અમલમાં હોય તે દર તમામ હપ્તા દરમ્યાન કાયમી રાખવાનું ઠરાવવામાં આવે છે.

(૩) ઉપર મુજબ નિયત કરવામાં આવેલ વ્યાજ દરનો અમલ તા.૦૧–૦૪–૨૦૧૭ થી કરવાનો રહેશે. તેની કોઈ પાશ્ચાદવર્તી અસર આપવાની રહેશે નહી.

ઉપરોકત પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવો અને પરિપત્ર મળ્યા અંગેની પહોંચ પાઠવવી.

**સહી/–**
**(ડી. થારા)**
**ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક**
**જીઆઈડીસી,ગાંધીનગર.**

**પ્રતિ,**

(૧) નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રી, નિગમના તમામ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન તરફ......જાણ સારૂં.
(૩) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન તરફ.........જાણ સારૂં.
(૪) મેનેજર(એસ એન્ડ એ) જીઆઈડીસી,ગાંધીનગર તરફ જાણ સારૂ તેમજ નિગમની વેબસાઈટ ઉપર પ્રદર્શિત કરવા સારૂ.

રવાના કર્યું
મેનેજર(મહેકમ)
જીઆઈડીસી,ગાંધીનગર.